# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 26-05-2024 Evening : 7.50 to 8.00
Day : SUNDAY National News

## આકાશવાણી સમાચાર હિના મોદી વાંચે છે.

**********************************************

- ✓ સાતમાં તબક્કાની ચૂંટણીના પ્રચારમાં તમામ પક્ષોએ આક્રમક પ્રચાર કર્યો – પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, કેન્દ્રિય મંત્રી અમિત શાહ, કોંગ્રેસના રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીએ રેલી સંબોધી
- ✓ દિલ્હીની આગમાં સાત બાળકોના મોતના કેસમાં હોસ્પિટલના માલિક ડોક્ટરની ધરપકડ
- ✓ રાજકોટની કરૂણાંતિકામાં 28નાં મોત બાદ ગુજરાત વડી અદાલતે સુઓ મોટો દાખલ કરી.. આવતીકાલે સુનાવણી હાથ ધરાશે
- ✓ આજે રાત્રે બાંગ્લાદેશ અને બંગાળના દરિયા કિનારે ચક્વાત રેમલ ટકરાશે.. – પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ચક્રવાત અંગેની ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજી
- ✓ પાપુઆ ગીનીમાં ભૂસ્ખનલને કારણે દુર્ગમ વિસ્તારના ગામમાં ઉંઘમાં જ 670 લોકો દટાયાં
- ✓ આઇપીએલની ફાઇનલમાં સનરાઇઝર હૈદ્રાબાદે ટોસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય કર્યો

******************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# Campaign

ઉત્તર પ્રદેશમાં ચૂંટણીના સાતમા અને છેલ્લા તબક્કા માટે પ્રચાર ચરમસીમાએ છે. વિવિધ રાજકીય પક્ષોના સ્ટાર પ્રચારકોએ આજે તેમના પક્ષના ઉમેદવારો માટે પ્રચાર કર્યો હતો.

પ્રધાનમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદીએ આજે ઉત્તર પ્રદેશના મિર્ઝાપુર, મઉ અને બાંસગાંવમાં જાહેર સભાઓને સંબોધી હતી. તેમણે કહ્યું કે, દેશે ત્રીજી વખત ભાજપ-એનડીએ સરકાર બનાવવાનો નિર્ણય કરી લીધો છે. શ્રી મોદીએ દાવો કર્યો કે તેઓ દેશના ગરીબો, દલિતો અને પછાત લોકો માટે સમર્પિત છે. મોદીએ કહ્યું કે યોગી સરકારમાં માફિયાઓ સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે.

યુપીના મુખ્યમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા યોગી આદિત્યનાથે આજે પાર્ટીના ઉમેદવારની તરફેણમાં મિર્ઝાપુર, ચંદૌલી, ગાઝીપુર અને ગોરખપુરમાં જાહેર સભાઓને સંબોધી હતી. શ્રી યોગીએ કહ્યું કે દેશ વૈશ્વિક શક્તિ બનવા તરફ આગળ વધી રહ્યો છે, અને 10 વર્ષમાં સરહદો સુરક્ષિત કરવામાં આવી છે.

સમાજવાદી પાર્ટીનાવડા અખિલેશ યાદવે આજે સલેમપુર અને બલિયામાં રાજકીય સભાઓને સંબોધિત કરી હતી. તેમણે કહ્યું કે આજે લોકો મોંઘવારી અને બેરોજગારીથી પરેશાન છે. ભાજપના શાસનમાં ખેડૂતોને તેમની આવક બમણી કરવાના ખોટા વચનો આપવામાં આવ્યા હતા. તેમણે દાવો કર્યો હતો કે જો INDI બ્લોક સત્તામાં આવશે તો અમે તમામ ખેડૂતોની લોન માફ કરીશું.

રાહુલ ગાંધી હિમાચલ પ્રદેશમાં સભા સંબોધીને ભાજપ પર પ્રહારો કર્યા હતા જ્યારે પ્રિયકા ગાંધીએ પણ કોંગ્રેસ માટે મત માંગ્યા હતા.. કોંગ્રેસના પ્રવક્તા પવન ખેડાએ વારાણસીમાં મીડિયાને સંબોધતા કહ્યું કે, ખેડૂત સમુદાય છેતરાયાનો અહેસાસ કરી રહ્યો છે.

જ્યારે ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહે બિહારના કાશકર ખાતે સભાને સંબોધિત કરતા કહ્યું કે, એનડીએની સરકાર ફરી ચૂંટાવા જઈ રહી છે. તેમણે લોકોને એનડીએનો મત આપવા અપીલ કરી હતી.

# DELHI FIRE

દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર વી.કે. સક્સેનાએ આજે દિલ્હીના મુખ્ય સચિવને દિલ્હીમાં  બાળકોની હોસ્પિટલમાં આગની દુ:ખદ ઘટનાની તપાસ કરવા જણાવ્યું હતું. શ્રી સક્સેનાએ પોલીસ કમિશ્નરને તમામ જરૂરી પગલાં લેવામાં આવેતે સુનિશ્ચિત કરવા પણ નિર્દેશ આપ્યો હતો. તેમણે શોકગ્રસ્તોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી અને તેમને શક્ય તમામ રાહતની ખાતરી આપી.

શ્રીસક્સેનાએ ખાતરી આપી હતી કે જવાબદારો સામે કાર્યવાહી કરવામાં આવશે. જ્યારે દિલ્હીના વિવેક વિહાર પોલીસ સ્ટેશને આ આગના કેસમાં હોસ્પિટલના માલિક ડૉ.નવીન વિરુદ્ધ, ફરિયાદ નોંધી છે. પોલીસે ડો.નવીનની ધરપકડ કરી છે.

પોલીસ સૂત્રોએ જણાવ્યું કે," શનિવારે રાત્રે હોસ્પિટલમાં બે ડોક્ટર, છ નર્સ અને એક સુરક્ષા કર્મચારી ફરજ પર હતા, પરંતુ આગ લાગ્યા બાદ લોકો જ્યારે ઘટના સ્થળે પહોંચ્યા ત્યારે, હોસ્પિટલનો સ્ટાફ ત્યાં હાજર નહોતો. લોકોએ જણાવ્યું કે, હોસ્પિટલમાં આગ લાગ્યા બાદ, હોસ્પિટલના સ્ટાફ બાળકોને બચાવવાને બદલે તેમના જીવ બચાવવા ભાગ્યા હતા. જેના કારણે સાત બાળકોના મોત થયા હતા.

# RAJKOT OVERALL

ગુજરાતની વડી અદાલતે રાજકોટમાં TRP ગેમઝોનમાં લાગેલી આગની ઘટના અંગે સુઓમોટો દાખલ કરી છે. ન્યાયમૂર્તિ બિરેન વૈષ્ણવ અને દેવેન દેસાઈની ખંડપીઠે રાજકોટ, વડોદરા, સુરત અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને રાજ્ય સરકારને નોટિસ પાઠવીને આવતીકાલે સુનાવણીમાં હાજર રહેવા જણાવ્યું છે.

હાઈકોર્ટ એડવોકેટ એસોસિએશનના વડા બ્રિજેશ ત્રિવેદી અને એડવોકેટ અમિત પંચાલે કોર્ટને જણાવ્યું હતું કે, ફાયર સેફ્ટીના મુદ્દે અલગ-અલગ અરજીઓ પર સૂચનાઓ આપી છે છતાં આવી ઘટનાઓ બની રહી છે. ટીઆરપી ગેમ ઝોન પાસે ફાયર સેફ્ટી એનઓસી નથી. હાઈકોર્ટે એડવોકેટ એસોસિએશનના વડા બ્રિજેશ ત્રિવેદીએ સીટીંગ જજ દ્વારા આ મામલાની તપાસની માંગકરી હતી.

રાજકોટ ગેમ ઝોનમાં આગની ઘટનામાં રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં 6 લોકો સામે ફરિયાદ નોંધવામાં આવી છે. ક્રાઈમ બ્રાન્ચે ગેમ ઝોનના માલિક યુવરાજસિંહ સોલંકી સહિત બેની ધરપકડ કરી છે. રાજ્યના ગૃહવિભાગે રાજકોટના ગેમઝોન ઘટનાની તપાસ માટે સી.આઇ.ડીના અધિક પોલીસ મહાનિદેશક સુભાષ ત્રિવેદીના અધ્યક્ષસ્થાને પાંચ સભ્યોની ખાસ તપાસ ટુકડીની નિમણૂંક કરી છે અને આગામી દસ દિવસમાં આ ઘટનાનો વિસ્તૃત અહેવાલ રજુ કરવા કહેવામાં આવ્યું છે. ગાંધીનગરની એફએસએલમાં રાજકોટ ગેમઝોનના મૃતકોના પરિજનોનું ડીએનએ પરીક્ષણ બાદ મૃતદેહોના ડીએનએનું પરીક્ષણ કરવામાં આવશે. ડીએનએ મેચીંગ થયા બાદ મૃતદેહોને તેમના પરિવારજનોને સોંપવામાં આવશે.

# PM SAHAY

રાજકોટ અને દિલ્હીમાં આગની બે અલગ અલગ ઘટનાઓએ દેશને હમચાવી નાંખ્યો છે. રાજકોટમાં 28 વ્યક્તિઓના અને દિલ્હીમાં સાતના મોત થયા છે.. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ બંને ઘટનાઓ અંગે ઉડું દુઃખ વ્યક્ત કર્યું છે તેમજ મૃતકોના પરિવારજનોને સાંત્વના આપી છે..

જ્યારે આ બંને ઘટનાઓમાં મૃતકોના પરિજનોને બે-બે લાખ રૂપિયાની સહાયની જાહેરાત કરી છે.. જ્યારે આ બંને ઘટનાઓમાં ઇજાગ્રસ્તોને પચાસ-પચાસ હજારની સહાયની જાહેરાત કરી છે.. પ્રધાનમંત્રીએ સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા આ જાહેરાત કરી છે.. .

# EVE.-REMAL.rtf

ચક્રવાત  રેમાલ તીવ્ર ચક્રવાત વાવાઝોડામાં ફેરવાઈ ગયું છે. તે આજે મધ્ય રાત્રિની આસપાસ પશ્ચિમ બંગાળ અને બાંગ્લાદેશના દરિયાકાંઠાની વચ્ચે ટકરાશે. આ ચોમાસા અગાઉની સીઝનમાં બંગાળની ખાડી પર આ પ્રથમ ચક્રવાત છે. ભારતીય હવામાન વિભાગે પશ્ચિમ બંગાળના દરિયાકાંઠાના જિલ્લાઓમાં અતિ ભારે વરસાદ અને ઉત્તર ઓડિશામાં આજે અને આવતીકાલે ભારેથી અતિ ભારે વરસાદની ચેતવણી આપી છે. આસામ અને મેઘાલયમાં પણ અતિભારે વરસાદની શક્યતા છે અને અન્ય ઉત્તરપૂર્વીય રાજ્યો મણિપુર, નાગાલેન્ડ, અરુણાચલ પ્રદેશઅને ત્રિપુરામાં ભારેથી અતિ ભારે વરસાદની શક્યતા છે.

દરમિયાન, કોલકાતા એરપોર્ટના સત્તાવાળાઓએ વાવોઝોડાની સંભવિત અસરને ધ્યાનમાં રાખીને આજે બપોરથી આવતા 21 કલાક માટે ફ્લાઇટની અવરજવર સ્થગિત કરી દીધી છે.. ફ્લાઇટ રદ કરવાના સમયગાળા દરમિયાન, આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક બંને ક્ષેત્રોમાં કુલ 394 ફ્લાઇટ્સનું એરપોર્ટ પરથી સંચાલન થશે નહીં..

# CYCLONE MESURES

પશ્ચિમ બંગાળ સરકાર ચક્રવાત રેમલને ધ્યાનમાં રાખીને વ્યાપક રાહત અને પુનર્વસન પગલાં લઈ રહી છે. ચક્રવાત આજે મધ્યરાત્રિએ બાંગ્લાદેશના ખેપુપારા અને બંગાળના સાગર ટાપુઓ વચ્ચે ટકાય તેવી શક્યતા છે. રાજ્યના સચિવાલય, એક વિશેષ કંટ્રોલ રૂમની સ્થાપના કરવામાં આવી છે. સંભવિત આપત્તિનો સામનો કરવા માટે કોલકાતા પોલીસ હેડક્વાર્ટરમાં એક 'ઇન્ટિગ્રેટેડ કંટ્રોલ રૂમ' પણ કાર્યરત થયો છે.

દરમિયાન, ભારતીય નૌકાદળે પણ ચક્રવાત રેમલને પગલે તાત્કાલિક અને અસરકારક સહાય પૂરી પાડવા માટે તૈયારીની કાર્યવાહી શરૂ કરી છે. તેણે અસરગ્રસ્ત લોકોની સલામતી માટે સહાય અને રાહત અને બાચવ કાર્ય માટે બે જહાજો તૈયાર કર્યા છે. ભારતીય નૌકાદળ દ્વારા સી કિંગ અને ચેતક હેલિકોપ્ટર તેમજ ડોર્નિયર એરક્રાફ્ટને તૈયાર રખાયા છે.. તાત્કાલિક સહાય પૂરી પાડવા માટે કોલકાતા અને વિશાખાપટ્ટનમમાં સાધન સામગ્રી સાથે વિશિષ્ટ ડાઇવિંગ ટીમો તૈનાત કરાઇ છે. આ ઉપરાંત વિશાખાપટ્ટનમ અને ચિલ્કામાંથી બે ટીમો ગમે તે સ્થિતિને પહોંચી વળવા તૈયાર છે..

# MID BREAK- NEWS- REGIONAL

આ રાષ્ટ્રીય સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

# Fake calls

સરકારે ભારતીય મોબાઈલ નંબર દર્શાવતા ઈન્કમિંગ ઈન્ટરનેશનલ ફેક કોલને બ્લોક કરવા માટે નિર્દેશ જારી કર્યાં છે.. આ નિર્ણયનો હેતુ  આવા કોલ કરીને સાયબર-ક્રાઇમ અને નાણાકીય છેતરપિંડી કરનારા ઉપર લગામ લગાવવાનો છે.. . આવાકોલ કરીને આંતરરાષ્ટ્રીય જાસૂસી કોલ્સનો દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે..

આથી, ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન્સ અને ટેલિકોમ સર્વિસ પ્રોવાઇડર્સે આવા આંતરરાષ્ટ્રીય નકલી કોલ્સ ગ્રાહક સુધી ન પહોંચે માટે એક સિસ્ટમ તૈયાર કરી છે. હવે આવા આવતા આંતરરાષ્ટ્રીય નકલી કોલ્સને બ્લોક કરવા માટે ટીએસપીને નિર્દેશો જારી કર્યાં છે. ડીઓટી દ્વારા જારી કરવામાં આવેલા નિર્દેશો મુજબ ભારતીય લેન્ડલાઇન નંબરો સાથે આવતા આંતરરાષ્ટ્રીય નકલી કોલ્સને ટીએસપી દ્વારા પહેલાથી જ બ્લોક કરવામાં આવી રહ્યા છે.

# GOLD rtf

સીમા સુરક્ષા દળને ભારત બાંગ્લાદેશ સરહદ પર એક દાણચોરને પકડવાની સફળતા મળી હતી.. પશ્ચિમ બંગાળના ચોવીસ પરગણા જીલ્લાની સરહદ પરથી એક દાણચોરને પકડીને તેની પાસેથી સોનાના ૪૭ બિસ્કિટ જપ્ત કરવામાં આવ્યાં હતા.. જ્યારે દેશમાં છઠ્ઠા તબક્કાનું મતદાન ચાલી રહ્યું હતું ત્યારે આ દાણચોરને બીએસએફ દ્વારાઝડપી પાડવામાં આવ્યો હતો.. ઝડપાયેલા સોનાની અંદાજીત કિંમત બાર કરોડ રૂપિયા છે..

બીએસએફના ડીજીના જણાવ્યા અનુસાર બાગ્લાદેશમાંથી ભારતમા મોટાપાયે સોનાની દાણચોરી થઇરહી છે તેવી બાતમી મળી હતી જેના આધારે સરહદી ગામ એવા હલદરપાડામાં સોનું છુપાવાયું હોવાની માહિતી મળતા જ બીએસએફે સર્ચ ઓપરેશન કર્યુ હતું જેમાં એક ઘરમાંથી સોનુ મળી આવ્યું હતું. જપ્ત કરાયેલુ સોનું પશ્ચિમ બંગાળના ડીઆરઆઇને સુપરત કરવામાં આવ્યું છે..

# Papua New Guinea

સંયુક્ત રાષ્ટ્રના એક અધિકારીના જણાવ્યા પ્રમાણે પાપુઆ ન્યુ ગિનીમાં ભૂસ્ખલનમાં આશરે 670 લોકો દટાયા હોવાનો અંદાજ છે. રાજધાની પોર્ટ મોરેસ્બીથી ઉત્તર-પશ્ચિમમાં લગભગ 600 કિલોમીટર દૂર એન્ગા પ્રાંતના એક દૂરના ગામ કાઓકલામમાં શુક્રવારે જ્યારે લોકો રાત્રે ઉંઘમાં હતા ત્યારે સ્થાનિક સમયાનુસાર 3 વાગ્યે આ ઘટના બની હતી.

પાપુઆ ન્યુ ગિનીમાં સ્થળાંતર માટેના આંતરરાષ્ટ્રીય સંગઠનના વડા સેરહાન અક્ટોપ્રાકે જણાવ્યું હતું કે એક અંદાજ મુજબ 150 થી વધુ ઘરો હવે દટાયેલા છે. અક્ટોપ્રાકે વધુમાં જણાવ્યું હતું કે બચાવકર્મીઓ જોખમમાં હતા કારણ કે જમીન હજુ પણ સરકી રહી હતી. પાણી વહી રહ્યું છે અને બચાવ કાર્યમાં સામેલ તમામ લોકો સામે જોખમ હતું. ભૂસ્ખલનથી પ્રભાવિત વિસ્તારમાં લગભગ 4,000 લોકો રહે છે.

# IPL FINAL

આઈપીએલની ફાઇનલમાં કોલકાતા નાઈટ રાઈડર્સ અને સનરાઈઝ઼સ હૈદરાબાદ વચ્ચે મેચ રમાઈ રહી છે. હૈદરાબાદે ટોસ જીતીને પહેલાં બેટિંગ કરવાનો નિર્ણય કર્યો છે.

દરમિયાન આગામી બીજી જૂનથી શરૂ થનારા ટી-ટ્વેન્ટી વિશ્વકપ માટે કેપ્ટન રોહિત શર્મા સહિતના ભારતીય ક્રિકેટરોનો પહેલો સમૂહ અમેરિકા જવા રવાના થયો છે. આ ટી-ટ્વેન્ટી વિશ્વકપ સંયુક્તપણે અમેરિકા અને વેસ્ટ ઈન્ડીઝ દ્વારા બીજી જૂનથી 29મી જૂન દરમિયાન યોજવામાં આવશે. ભારતીય ક્રિકેટ ટીમ આગામી પાંચમી જૂને ન્યૂયોર્કમાં નવા બનેલા નાસાઉ કાઉન્ટી આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડિયમમાં આયર્લેન્ડ સામે શુભારંભ કરશે. જ્યારે નવમી જૂને ભારત અને પાકિસ્તાન વચ્ચે મેચ રમાશે.

# Payal Kapadia

કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં ગ્રાન્ડ પ્રિક્સ એવોર્ડ જીતવા બદલ પ્રધાનમંતરી નરેન્દ્ર મોદીએ પાયલ કાપડિયાને અભિનંદન પાઠવ્યા છે. પાયલ તેની ફિલ્મ "ઓલ વી ઇમેજિન એઝલાઇટ" માટે કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં, ગ્રાન્ડ પ્રિક્સ એવોર્ડ જીતનાર પ્રથમ ભારતીય ફિલ્મ નિર્માતા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે, ઓલ વી ઇમેજિન એઝ લાઇટ માટે 77માં કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં, ગ્રાન્ડ પ્રિક્સ જીતવાની ઐતિહાસિક સિદ્ધિ પર ભારતને પાયલ કાપડિયા પર ગર્વ છે.

આ સન્માન, ફેસ્ટિવલનો બીજો સૌથી પ્રતિષ્ઠિત એવોર્ડ તેમની ફિલ્મને આપવામાં આવ્યો હતો. જ્યારે પ્રતિષ્ઠિત પાલ્મે ડી'ઓર અમેરિકન ડિરેક્ટર સીન બેકરને, તેમના કામ "અનોરા" માટે આપવામાં આવ્યો હતો.

# ISRAEL HAMAS

ઈઝરાયેલના સરકારી ટેલિવિઝનના અહેવાલ મુજબ, ઈઝરાયેલ ઈજિપ્ત, કતર અને અમેરિકાની મધ્યસ્થીથી હમાસ સાથે ફરી સંવાદ શરૂ કરવા તૈયાર છે.

એક અહેવાલ અનુસાર, પેરિસમાં ગઈકાલે એક નવો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો. ઈઝરાયેલના સરકારી ટેલિવિઝને જણાવ્યું કે, અમેરિકા દ્વારા સક્રિય ભાગીદારી સાથે આગામી મંત્રણા ઈજિપ્ત અને કતર દ્વારા કરવામાં આવશે. ગયા મહિનાની શરૂઆતમાં ઈજિપ્તમાં થયેલા યુદ્ધવિરામ વાટાઘાટો નિષ્ફળ નીવડી હતી..

# AMERICAN AMBASSADOR BANGALORE VISIT

ભારતમાં અમેરિકાના રાજદૂત એરિક ગાર્સેટીએ અંતરિક્ષ ક્ષેત્રે વેપારી અગ્રણીઓ અને ઉદ્યોગ સાહસિકોને મળવા બેંગ્લોરની મુલાકાત લીધી હતી.

શ્રી ગાર્સેટીએ ભારતીય અંતરિક્ષ સંશોધન સંસ્થા- ઈસરોના અધ્યક્ષ એસ. સોમનાથ સાથે અંતરિક્ષ સહયોગ અંગે ચર્ચા કરી હતી. બેંગ્લોર મુલાકાત દરમિયાન શ્રી ગાર્સેટીએ ઉદ્યોગ જગતના નેતાઓ અને અમેરિકન ચેમ્બર ઑફ કૉમર્સ ઇન્ડિયાના સભ્યો સાથે પણ સંવાદ કર્યો હતો. આમાં વ્યૂહાત્મક સુરક્ષા અને ટેકનોલૉજી સહયોગને વિસ્તારવા માટે ભારત અને અમેરિકાની પહેલ પર ધ્યાન કેન્દ્રિત કરાયું હતું..